જન્મદિને વધામણી

અંજનાબેન એમ રાવલ
નિવૃત્ત હિસાબનીશ,
જિલ્લા પંચાયત, ગાંધીનગર

કાન્તિભાઈ એમ. પ્રજાપતિ
મો. ૯૪૨૬૩ ૨૮૦૦૬

દિલીપકુમાર જાની
મો. ૯૪૨૮૮૦૩૦૨૯

હર્ષ પંકજ શાહ
મો. ૯૯૭૮૪ ૫૬૫૦૬

રાજવી ભાવેશકુમાર શાહ
મો. ૯૪૨૯૧ ૩૦૬૩૫

આર જી - એસ જી પટેલ સ્કૂલમાં સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી

ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૨૩ ખાતે તાજેતરમાં 'સ્વચ્છતા માટે હું શું કરીશ ?' તે વિષયે નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, સ્વચ્છતા અભિયાન અને શાળાના બૂલેટીન બોર્ડ ઉપર સ્વચ્છતા અંગેનાં સૂત્રો લખવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ શાળાની લેબોરેટરીની સફાઈ કરી હતી. આ કાર્યક્રમમાં એનએસએસ વિભાગ, એનસીસી વિભાગ અને સ્કાઉટ ગાઈડના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આચાર્ય સુધાબેન પટેલ અને સુપરવાઈઝર ગીતેશભાઈ પટેલ, ગીતાબેન પટેલ, હંસાબેન પટેલ અને સ્ટાફે આ કાર્યમાં વિદ્યાર્થીઓને સાથ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એનએસએસ વિભાગના કન્વીનર રમેશભાઈ પટેલ, એનસીસી વિભાગના કન્વીનર સોનલબેન પટેલ અને સ્કાઉટ ગાઈડ કન્વીનર મંજુલાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

ઈન્ડિયન સ્પીડ સ્ટાર દોડમાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૩

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણના વિદ્યાર્થી પાર્થ જે ગોસ્વામીએ મહેસાણા ખાતે આયોજિત ઈન્ડિયન સ્પીડ સ્ટાર દોડમાં ભાગ લીધો હતો અને ૧૦૦ મીટરની દોડ ૧૨.૨૦ સેકન્ડમાં પૂરી કરીને તેણે રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી નિશ્ચિત કરી હતી.

સમગ્ર વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ પરિવારે સ્કૂલનું નામ રોશન કરનાર આ વિજેતા વિદ્યાર્થીને બિરદાવી તેને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

ખેલ મહાકુંભ ૨૦૧૭માં

જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ

ગાંધીનગર, તા. ૩

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સેક્ટર-૭, ગાંધીનગરની વિદ્યાર્થીનીઓએ તાલુકા કક્ષા, જિલ્લાકક્ષા અને રાજ્ય કક્ષાની રમતોમાં શાનદાર દેખાવ કરી શ્રેષ્ઠ શાળાનો ખેલ મહાકુંભનો જિલ્લા કક્ષાનો એવોર્ડ જિત્યો હતો. આ એવોર્ડ રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યના રમતગમત મંત્રી તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ઓફિસરની હાજરીમાં નડિયાદના એસઆરપી મેદાનમાં શાળાનાં આચાર્ય સંતોકબેન ચૌધરીએ સ્વીકાર્યો હતો. એવોર્ડ સાથે ઈનામ પેટે રૂા. ૧ લાખ ૫૦ હજારની રકમ પણ સ્કૂલને પ્રાપ્ત થઈ હતી.

શાળા પરિવારે ખેલ મહાકુંભમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓ અને તેમનાં માર્ગદર્શક શિક્ષક વિનાક્ષીબેન, લીલાબેન, હેતલબેનને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

આર જી પટેલ કન્યા વિદ્યાલય ખાતે નદી બચાવો જાગૃતિ અભિયાન યોજાયું

ગાંધીનગર, તા. ૩

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળામાં તાજેતરમાં સમૂહ પ્રાર્થના દરમિયાન નદી બચાવો જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈશા ફાઉન્ડેશનના મધુમીતીબેન, સંદીપભાઈ અને બીબીએ કૉલેજના અધ્યાપક આશિષભાઈ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિઓનો પરિચય માધ્યમિક વિભાગના સુપરવાઈઝર ગિતેષભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યો હતો. ત્યારબાદ મધુમીતીબેને સરકાર દ્વારા આયોજિત નદી બચાવો જાગૃતિ અભિયાનની વિગતો વિદ્યાર્થીનીઓને આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ૧૯૪૭ કરતાં હાલ ૭૫ ટકા ઓછું પાણી આપણે મેળવી રહ્યા છીએ અને ૨૦૩૦માં તેનાથી પણ ઓછું એટલે કે ૫૦ ટકા પાણી જ આપણે મેળવી શકીશું. આ સમસ્યાના હલ માટે નદી કિનારે એક કિમી જમીનમાં જંગલ વિકસાવવાનો ઉપાય તેમણે વિદ્યાર્થીઓને આપ્યો હતો. નદીના પાણીનો કરકસરપૂર્વકનો ઉપયોગ અને વરસાદી પાણીનો સંગ્રહ એ તેમના વક્તવ્યનો મુખ્ય મુદ્દો હતો. સિંગાપુર અને દુબઈમાં પાણી ખરીદીને પીવું પડે છે, એવા દિવસો રાજ્ય અને દેશમાં ન આવે એ માટે અત્યારથી જ સજાગ અને સજ્જ થઈ જવા તેમણે સૌ વિદ્યાર્થીનીઓને આગ્રહભરી હિમાયત કરી હતી.

કોમર્સ એમ.ફીલના વિદ્યાર્થીઓનું અડધું સત્ર અભ્યાસ વિના જ પૂર્ણ

ગાંધીનગર, તા. ૩

ગુજરાત યુનિ. દ્વારા એમ.ફીલ અને પીએચડીમાં લેવાયેલી એન્ટ્રન્સ ટેસ્ટના આધારે કોમર્સ સિવાયના વિષયમાં પ્રવેશની ફાળવણી કરી દેવામાં આવી છે. હવે આગામી તા.૧૫મી ઓક્ટોબર સુધીમાં આ પ્રવેશની ફાળવણી કરવામાં ન આવે તો વિદ્યાર્થીઓનું આખુ વર્ષ બગડે તેવી સ્થિતિ ઊભી થાય છે. જો યુનિવર્સિટી દ્વારા યેનકેન પ્રકારે વર્ષને માન્યતા આપવામાં આવે તો પણ વિદ્યાર્થીઓએ છ માસમાં આખા વર્ષની તૈયારી કરવી પડશે.

કોમર્સ પીએચડીમાં પ્રવેશને લઈને હાલ વિવાદ ચાલી રહ્યો છે. યુનિવર્સિટી દ્વારા આ મુદ્દે યુજીસીનો અભિપ્રાય માંગવામાં આવ્યો છે. લાંબો સમય થવા છતાં હજુ સુધી અભિપ્રાય આવ્યો નથી. જેના પગલે કોમર્સ પીએચડીમાં તમામ પ્રવેશ અટકાવી દેવામાં આવ્યા છે. સાથે એમ.ફીલમાં પ્રવેશ પણ અટકાવી દેવામાં આવ્યા છે. કારણ કે એબીવીપીના જે વિદ્યાર્થી કાર્યકરના કારણે વિવાદ થયો તેણે એમ.ફીલમાં પણ એન્ટ્રન્સ ટેસ્ટ આપી છે. જેના પરિણામે હાલમાં કોમર્સમાં એમ.ફીલ અને પીએચડી બન્નેમાં એક પણ વિદ્યાર્થીને પ્રવેશ ફાળવવામાં આવ્યો નથી. આગામી દિવસોમાં હવે દિવાળીનું વેકેશન આવી રહ્યુ છે. યુનિવર્સિટીના એકેડેમિક કેલેન્ડર પ્રમાણે ૧૫મી ઓક્ટોબરે પ્રથમ શૈક્ષણિક સત્ર પુરુ થઈ જતુ હોય છે. કોમર્સ અને એમ.ફીલમાં પ્રવેશ લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓને પ્રવેશની ફાળવણી થાય તે પહેલા જ એક સત્ર પુરુ થઈ જાય તેમ છે. પીએચડીની સમયમર્યાદા પાંચ વર્ષ જેટલી લાંબી હોવાના કારણે કદાચ મોડા પ્રવેશ થાય તો પણ વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે.

સૂત્રો કહે છે એમ.ફીલ નિયમ પ્રમાણે એક વર્ષનો કોર્સ ગણવામાં આવે છે. પરંતુ શોધ-નિબંધ સબમીટ કરવાની સમયમર્યાદા અઢી વર્ષ સુધીની આપવામાં આવતી હોય છે. આ સ્થિતિમાં પણ એમ.ફીલમાં પ્રવેશ લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓએ પોતાની કારકીર્દીના છ માસ ગુમાવવા પડે તેમ છે.

ગુજરાત ક્વિઝમાં ગાંધીનગરની આદર્શ નિવાસી શાળાનો વિદ્યાર્થી વિજેતા બન્યો

ગાંધીનગર, તા. ૩

ગુજરાત સરકારના શિક્ષણ ખાતા દ્વારા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, લોયેલા હોલ, મેમનગર, અમદાવાદ ખાતે આયોજિત 'ગુજરાત ક્વિઝ-૨૦૧૭'માં આદર્શ નિવાસી શાળા (વિકસતી જાતિ) કુમાર, સેક્ટર-૩૦, ગાંધીનગરના વિદ્યાર્થી પ્રવીણભાઈ જયંતિભાઈ શેખે પ્રથમ સ્થાન સાથે રૂા. ૧ હજારનો પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો. જિલ્લા નાયબ નિયામક, ગાંધીનગર એમ પી ઠાકરે વિજેતા વિદ્યાર્થી અને શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

રક્તદાન માનવ સેવાનું ઉત્તમ દાન : રાજ્યપાલ

રક્તદાનની સદી કરનારા ૧૦૧ દાનવીરોનું સન્માન

ગાંધીનગર, તા. ૩

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદ દ્વારા ૧૦૦ કરતા વધુ વખત સ્વેચ્છિક રક્તદાન કર્યુ હોય એવા ૧૦૧ લોકોનું રવિવારે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલ ઓ.પી.કોહલી હાજર રહ્યા હતા તેમણે રક્તદાનને માનવસેવાનું ઉત્તમ દાન ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, દાન કરવું તે આપણો ધર્મ છે. રક્તદાનથી લોકોને જીવનદાન મળે છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની આ સિદ્ધિને બિરદાવી હતી અને તે અન્ય સામાજિક સંસ્થાઓ માટે અનુકરણીય બની રહેશે તેમ કહ્યું હતું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે યોજાયેલ 'નેશનલ વોલન્ટરી બ્લડ ડોનેશન ડે' નિમિત્તે ૮૪ શતકવીર રક્તદાતા ઉપસ્થિત રહ્યા હતાં તે પૈકીના ૩૦ શતકવીરોએ રક્તદાન કર્યું હતું.

૭૩ વર્ષીય કેતકી શાહનો ૧૦૮ વખત રક્તદાનનો નોખો રેકોર્ડ

મહિલાઓ રક્તદાન ન કરી શકે એવી ગેરમાન્યતા ધરાવતા લોકો માટે અમદાવાદ નવરંગપુરા વિસ્તારમાં રહેતા ૭૩ વર્ષયી કેતકી શાહ આદર્શ બન્યા છે. કેતકી શાહે કહ્યું કે, તેમણે ૧૯૬૫માં પ્રથમ વખત રક્તદાન કર્યું હતું અને તેમણે અત્યાર સુધી ૧૦૮ વખત રક્તદાન કર્યું છે. ૧૦૮ વખત રક્તદાન કરનાર તેઓ ભારતમાં પ્રથમ મહિલા હોવાનો તેમણે દાવો કર્યો હતો.

ક્રિકેટમાં સદી કરતાં પણ આ સદી શ્રેષ્ઠ : સચિન તેન્ડુલકર

મારી શતકની શકત થઈ તે ઘટના દેશવાસીઓ માટે આનંદ મનાવવાનો અવસર હતો, પણ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અમદાવાદના શતકવીરોની શતક અદભૂત છે. ૧૦૦થી વધુ વખત જેમણે રક્તદાન કર્યું છે તે સમાજના વાસ્તવીક હિરો છે. સચિન તેન્ડુલકરે વીડિયો મેસેજ દ્વારા કહ્યું કે, આ શતકવીરોએ લોકોનો જીવ બચાવ્યો છે. તેમની સિદ્ધીની કોઈ સાથે તુલના કરી શકાય નહીં.

વ્યક્તિનો મિજાજ એ કોઈ ફિલસૂફી નથી, એક આદત છે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani@yahoo.co.uk

એક કવિ, ગઝલકાર, ફિલ્મ કથા-પટકથા લેખક, નિર્માતા, દિગ્દર્શક. એ દિગ્દર્શકે ફિલ્મ અદાકાર સદ્‌ગત સંજીવકુમારને લઈને ઘણી સફળ અને સુંદર ફિલ્મો બનાવેલી. તેમને સંજીવકુમારની અભિનય શકિત ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો અને તેમની સાથે અંગત લગાવ પણ. એ દિગ્દર્શક જનાબ મિર્ઝા ગાલિબના અચ્છા ચાહક અને ઊંડા અભ્યાસુ એટલે તેમના જીવન ઉપર એક ફિલ્મ બનાવવાનું આયોજન કર્યું. તેમણે મિર્ઝા ગાલિબના કિરદાર માટે સંજીવકુમારની પસંદગી કરી.

મુંબઈથી દૂર કોઈ એક શહેરમાં નાટ્યશાસ્ત્રનો અભ્યાસ કરતાં એક યુવાનને આ વાતની જાણ થઈ. એ યુવાન રંગમંચ સાથે સક્રિય રીતે જોડાયેલો હતો. એ યુવાને પેલા દિગ્દર્શકને એક પત્ર લખ્યો. એ પત્રમાં હિમ્મતભેર લખ્યું કે મિર્ઝા ગાલિબની ફિલ્મ માટે મુખ્ય કિરદાર માટે કરેલી સંજીવકુમારની પસંદગી તદ્દન અયોગ્ય છે. યુવાને તેના માટેના બે કારણો પણ આપ્યા. પહેલું કારણ, સંજીવકુમારને મિર્ઝા ગાલિબના સાહિત્ય કે ગઝલો સાથે સ્નાન-સૂતકનો પણ સંબંધ નથી. બીજું કારણ એ આપ્યું કે સંજીવ કુમારને ઉર્દુ જબાન સાથે પણ કોઈ નિસ્બત નથી. સંજીવકુમાર અચ્છા અભિનેતા છે એ વાત સ્વીકાર્ય પણ તેમના ઉર્દુ ઉચ્ચારણો પરફેક્ટ નથી. વધુમાં યુવાને લખ્યું કે મિર્ઝા ગાલિબનું કિરદાર જો કોઈ અસરકારક રીતે ભજવી શકે તો એક જ વ્યક્તિ છે અને તે પત્ર લખનાર યુવાન પોતે.

કમનસીબે અને જોગાનુજોગ ત્યાર પછી થોડા સમયમાં જ સંજીવકુમારનું અચાનક મૃત્યુ થયું અને મિર્ઝા ગાલિબ ફિલ્મ નિર્માણનું કામ ખોરંભે પડી ગયું.

થોડા વર્ષો વિત્યા. તે સમય દરમિયાન પેલા પત્ર લખનાર યુવાને ફિલ્મ ઉદ્યોગમાં પોતાનો પગદંડો જમાવી દીધો હતો અને પેલા દિગ્દર્શકે મિર્ઝા ગાલિબ ફિલ્મને બદલે ટેલીવિઝન સિરિયલ બનાવવાનું આયોજન કર્યું. એ વાતની પણ પેલા યુવાન ને ખબર પડી. એ યુવાન દિગ્દર્શકને મળ્યા અને વર્ષો પહેલા પોતે લખેલા પત્રની પણ વાત કરી અને કહ્યું કે આજે પણ પોતે મિર્ઝા ગાલિબનું કિરદાર નિભાવવા માટે એટલો જ આત્મવિશ્વાસ ધરાવે છે અને પોતે દ્રઢપણે એવું મને છે કે પોતાના સિવાય બીજો કોઈ અભિનેતા એ કિરદાર વધુ અસરકારક રીતે નિભાવવા માટે સક્ષમ નથી.

એ યુવાનની ફિલ્મો એ દિગ્દર્શકે નિહાળી હતી અને તેની અભિનય ક્ષમતા માટે કોઈ જ શંકા ન હતી. દિગ્દર્શકે એ યુવાન ને કોન્ટ્રાક્ટ સહી કરવા કહ્યું. કોન્ટ્રાક્ટની રકમ જોઈને પેલા યુવાને કહ્યું કે મિર્ઝા ગાલિબનું કિરદાર નિભાવવા માટે આટલી નાની રકમ પોતાને મંજૂર નથી. દિગ્દર્શકે કહ્યું કે તેને મનગમતી ભૂમિકા મળે છે તો પછી એ ભૂમિકા નિભાવવા માટેની કિંમતમાં પણ મનમાની કરવાનો આગ્રહ શા માટે રાખે છે ? યુવાને એ દિગ્દર્શકને સુંદર ઉત્તર આપ્યો. યુવાને કહ્યું કે જનાબ મિર્ઝા ગાલિબ પોતાની મનમાની સાથે જ પોતાનું જીવન જીવ્યા, એક ખુમારી સાથે અને પોતાની મરજી મુજબ. હવે પોતાને એજ મિર્ઝા ગાલિબની ભૂમિકા કરવી હોય તો પોતે પોતાની મનમાની શા માટે ના કરે? યુવાનનો આત્મવિશ્વાસ, દ્રઢતાપૂર્વકનો ઉત્તર અને તેનો મિજાજ દિગ્દર્શકના હૃદયને સ્પર્શી ગયો અને મિર્ઝા ગાલિબ માટેના કરાર થઈ ગયા.

મિર્ઝા ગાલિબ સિરિયલ દૂરદર્શન ઉપરથી પ્રસારિત થઈ. ખૂબ જ પ્રચલિત થઈ. ખૂબ જ વખાણ થયા. મિર્ઝા ગાલિબના કિરદારના પણ ખૂબ જ વખાણ થયા. મિર્ઝા ગાલિબના એ નિર્માતા એટલે ગુલઝાર સાહેબ અને અભિનેતા એટલે નસિરુદ્દીન શાહ.

પોતાની કારકિર્દીની શરૂઆતથી જ નસિરુદ્દીન શાહની એક તીવ્ર ઈચ્છા હતી કે પોતે મિર્ઝા ગાલિબનું કિરદાર નિભાવે. તેના માટે તેનો એક દ્રઢ સંકલ્પ હતો. પૂરો આત્મવિશ્વાસ હતો. તેના માટેના જરૂરી પ્રયત્નો પણ પોતે સતત કરતાં રહ્યા. સૌથી મોટી વાત હતી નસિરુદ્દીન શાહનો એક મિજાજ કે પોતે ધારેલું મેળવે નહીં ત્યાં સુધી પગ વાળીને બેસવું નહીં.

મિજાજ એ ઉછીની લીધેલી કે કોઈએ ભેટ આપેલી સોગાદ નથી. મિજાજ નથી શીખી શકાતો કે મિજાજ ઘડતરની કોઈ તાલીમ નથી હોતી. મિજાજ જન્મજાત હોય છે. મિજાજ એ કોઈ ફિલસૂફી નથી. મિજાજ એક આદત છે, જીવન જીવવાનો એક વણલખાયેલો નિયમ છે. જે વ્યક્તિ પોતાના મિજાજ મુજબ જ કાર્યો કરે છે એ વ્યક્તિ જીવનમાં કદાચ ક્યારેય નિષ્ફળ નથી જતી.

વ્યક્તિનો મિજાજ જ તેની તીવ્ર ઈચ્છા શકિત અને દ્રઢ સંકલ્પશકિતને જન્મ આપે છે. વ્યક્તિના મિજાજ થકી જ તેના આત્મવિશ્વાસનું ગઠન થાય છે. વ્યક્તિને પોતાનો મિજાજ જ પોતે નક્કી કરેલી દિશામાં પુરુષાર્થ કરવા પ્રેરે છે.

વ્યક્તિ પાસે કદાચ બુધ્ધિ, ચાતુર્ય, નાણાં, શિક્ષણ, કુશળતા, આ બધું ઓછું હોય અથવા તો ના હોય તો પણ જો વ્યક્તિ પાસે હારની બાજીને જીતમાં પલટી નાખવાનો મિજાજ હશે તો વ્યક્તિ પોતાનું ધારેલું બધુ જ પ્રાપ્ત કરી શકે છે.

જિંદગીમાં કઈક કરવાનો મિજાજ, જિંદગીમાં કઈક બનવાનો મિજાજ, કઈક નવું કરવાનો મિજાજ, કઈક હાંસલ કરવાનો મિજાજ, દુનિયાને કઈક દેખાડી દેવાનો મિજાજ, પોતાનું ધાર્યું કરવાનો મિજાજ, પોતાની મનમાની કરવાનો મિજાજ, સ્વભીમાનનું જતન કરવાનો મિજાજ, સંબંધોને કોઈ પણ રીતે નિભાવવાનો મિજાજ, ગમે તેવી મુશ્કેલીઓનો સામનો કરવાનો મિજાજ, મન થી કદી પણ નહીં હારવાનો મિજાજ, કેટલીક ઊંચાઈઓને પામવાનો મિજાજ, પોતાના નક્કી કરેલા ધ્યેયોને પામવાનો મિજાજ, પોતાની રીતે જીવવાનો અને પોતાની રીતે મરવાનો મિજાજ. આ પ્રકારનો મિજાજ જ વ્યક્તિની જિંદગીને ઉજાગર કરે છે અને સાર્થક બનાવે છે.

માનવીય સંબંધોમાં પણ વ્યક્તિનો મિજાજ મહત્વનો ભાગ ભજવે છે. નવા સંબંધો કેળવવાનો મિજાજ, કેળવેલા સંબંધોને વિકસાવવાનો મિજાજ અને વિકસાવેલા સંબંધોને ટકાવવા અને નિભાવવાનો મિજાજ વ્યક્તિને સંબંધોના વિશ્વમાં મુઠ્ઠી ઊંચેરું સ્થાન આપી શકે છે.

વ્યક્તિનો પોતાનો મિજાજ વ્યક્તિને જીવવાની પ્રેરણા આપે છે અને પ્રબળ શકિત આપે છે. ગુજરાતી ભાષાની એક કહેવત છે કે 'સિંહ કોઈ દિવસ ઘાસ ના ખાય.' સિંહનો આ એક મિજાજ છે એમ જ દરેક વ્યક્તિને પોતાનો એક આગવો મિજાજ હોય છે. વ્યક્તિના મિજાજને પોતાની ઉમર સાથે કોઈ જ લેવા દેવા નથી. મિજાજ એ વ્યક્તિની ઉમરનો મોહતાજ નથી. વ્યક્તિ પોતાના એક મિજાજ સાથે આ દુનિયામાં જન્મ લે છે અને એ જ મિજાજ સાથે મૃત્યુ પણ પામે છે છતાં વ્યક્તિએ પોતાના મિજાજ ને ઘૂંટવો પડે, મિજાજને સતત તરાશવો પડે અને પોતાના મિજાજનું જતન પણ કરવું પડે. જે વ્યક્તિ સતત જાગૃત રહીને પોતાના મિજાજનું લાલન-પાલન અને પોષણ કરી શકે છે એ વ્યક્તિ પોતાના જીવનની બાજી જીતી જાય છે.

(૧) બાંગ્લાદેશે કેટલા લાખ રોહિંગ્યા મુસ્લિમ શરણાર્થીઓને દેશમાં પરત લાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે ?
(એ) ૧ લાખ
(બી) ૨ લાખ
(સી) ૩ લાખ
(ડી) ૫ લાખ

(૨) તાજેતરમાં અમેરિકાના કયા શહેરમાં થયેલા ગોળીબારમાં ૬૦ નાગરિકોનાં મોત થયાં છે ?
(એ) ન્યૂયોર્ક (બી) ન્યૂજર્સી
(સી) લાસ વેગાસ (ડી) કેલિફોર્નિયા

(૩) એક સર્વે અનુસાર ભારતમાં સૌથી વધારે લાઈસન્સી હથિયાર ધરાવતું રાજ્ય કયું જાહેર કરવામાં આવ્યું છે ?
(એ) બિહાર (બી) ઉત્તર પ્રદેશ
(સી) રાજસ્થાન (ડી) મધ્યપ્રદેશ

(૪) કેનેડાની ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ પદે કયા ભારતીય મૂળના નાગરિકની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) જગમીતસિંહ (બી) જગતપ્રીતસિંહ
(સી) જગમોહનસિંહ (ડી) જગત કૌર સિંહ

(૫) ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે કયા ઓલ રાઉન્ડર ક્રિકેટર પર ક્રિકેટ રમવા પર પ્રતિબંધ લગાવી દીધો છે ?
(એ) બેન હિન્સ્ટન (બી) બેન સ્ટોક્સ
(સી) બેન જોન્સન (ડી) બેનલી ક્લાર્ક

(૬) 'સિક્યોબરિંગ ઈન્ડિયા ધ મોદી વે' પુસ્તકના લેખક કોણ છે ?
(એ) નીતિન ગડકરી (બી) નીતિન ગોખલે
(સી) નીતિન પ્રસાદ (ડી) નીતિન રામાણી

(૭) એશિયન ઈન્ડોર ગેમ્સમાં સિલ્વર મેડલ જીતનાર ગુજરાતી ટેનિસ ખેલાડી કોણ છે ?
(એ) અંકિતા પટેલ (બી) અંકિતા દેસાઈ
(સી) અંકિતા રૈના (ડી) અંકિતા સાધુ

(૮) ૨૦૧૭માં ગુજરાતના કયા જિલ્લામાં હાલ ૧૦ હજાર વર્ષ જૂનું નગર મળી આવ્યું છે ?
(એ) સુરત (બી) જૂનાગઢ
(સી) અમદાવાદ (ડી) રાજકોટ

(૯) ભારતમાં આપત્તિ વ્યવસ્થાપન માટે કઈ સર્વિસ લોન્ચ કરવામાં આવી છે ?
(એ) રિલિફ-૧૨૩ (બી) રિલિફ-૧૨૪
(સી) રિલિફ-૧૨૫ (ડી) રિલિફ-૧૨૬

(૧૦) દેશમાં બારુદી સુરંગોની ભાળ મેળવવા માટે કઈ પ્રણાલી વિકસાવવામાં આવી છે ?
(એ) ટ્રોલમી (બી) ટ્રોલ
(સી) ટ્રોમી (ડી) ટ્રોક્સી